| GJGS080011302025 | | દાખલ તારીખ | ૧૩/૧૧/૨૦૨૫ |
|---|---|---|---|
| | | રજીસ્ટરે લીધા તારીખ | ૧૩/૧૧/૨૦૨૫ |
| | | ફેંસલ તારીખ | ૦૮/૦૮/૨૦૨૬ |
| | | સમય ગાળો | વર્ષ : માસ : દિવસ<br>૦૦ ૦૮ ૨૬ |

॥ ગીરગઢડા ના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રીની કોર્ટમાં, મુકામ.ગીરગઢડા ॥

ક્રિમીનલ કેસ નંબર. ► ૮૧૧/૨૦૨૫ આંક ►

| ફરિયાદી | | આરોપી |
|---|---|---|
| શ્રી સરકાર | વિ રૂ દ્ધ | જીલુભાઇ ઉર્ફે રમેશભાઇ ચીથરભાઇ રાઠોડ,<br>રે.ફાટસર, તા.ગીરગઢડા, જિ.ગીરસોમનાથ |

| ગુન્હો | ⇨ | ધી પ્રોહી એકટની કલમ–૬૫એએ મુજબ... |
|---|---|---|

| | |
|---|---|
| ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી | એન.જે.જેઠવા |
| આરોપી પક્ષ ... તરફે વિ.વકીલ શ્રી | આર.આર.સોલંકી |

## ◀◀ ચુ કા દો ▶▶

| | |
|---|---|
| ગુન્હાની તારીખ :– | ૩૦/૦૪/૨૦૨૫ |
| એફ.આઇ.આર. તારીખ :– | ૩૦/૦૪/૨૦૨૫ |
| ચાર્જશીટ તારીખ :– | ૧૫/૦૬/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ :– | ૨૨/૧૨/૨૦૨૬ |
| પુરાવા શરૂ કર્યા તારીખ :– | ૨૨/૧૨/૨૦૨૬ |
| ચુકાદા પર લેવા માટેની તારીખ :– | ૧૮/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ :– | ૦૮/૦૮/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ :– | – |

## –:: આરોપીની વિગત ::–

| આરોપી નં. | આરોપી નામ | અટક તારીખ | જામીન મુકત કર્યાની તારીખ | આક્ષેપાયેલ ગુનાની વિગત | નિર્દોષ / દોષીત | આપવા માં આવેલ સજા | ફો.કા.સં.કલમ–૪૨૮ અન્વયે ઇ.કા. ના સમયગાળા દરમ્યાન કરેલ અટકાયત નો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જીલુભાઇ ઉર્ફે રમેશભાઇ ચીથરભાઇ રાઠોડ | ૦૩/૦૫/૨૫ | ૦૩/૦૫/૨૫ | ધી પ્રોહી એકટની કલમ–૬૫એએ | નિર્દોષ | – | – |

**<u>ફરિયાદ હકીકતનું ટુંકમા વર્ણનઃ</u>–**

(૧.૦).. આ કામના આરોપી સામે એવો આક્ષેપ છે કે, આ કામના આરોપીએ તા. ૩૦/૦૪/૨૦૨૫ ના રોજ પોતાના કબજા ભોગવટામાં ગેરકાયદેસર દેશી પીવાનો દારૂ લીટર–૫ કી.રૂા.૧૦૦૦/– સાથે મળી આવી પકડાઇ, ધી પ્રોહી કલમ– ૬૫એએ મુજબનો ગુનો કરેલ હોય તે કલમની ફરિયાદ આ કામના ફરિયાદીએ ગીરગઢડા પો.સ્ટે. ખાતે આપતાં સદર આરોપી વિરૂઘ્ધ પ્રથમ બાતમી નં.પાર્ટ સી. નં. ૧૧૧૮૬૦૦૧૨૫૦૩૫૩ /૨૦૨૫ થી નોંધવામાં આવેલ. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ ગુનાની તપાસ કરતા આરોપી વિરૂઘ્ધ પુરતો પુરાવો જણાતો હોઇ, ઉપરોકત કલમ હેઠળના ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ.

**<u>ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ –૨૬૩ અન્વયે તહોમતનામા અંગેઃ</u>–**

(૨.૦).. આ કામે આરોપી વિરૂઘ્ધ ચાર્જશીટ દાખલ થતા આરોપીને સમન્સ કરતાં આરોપી હાજર થયેલ હોઇ, કેસના કાગળોની નકલો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ–૨૩૦ મુજબ વિના મુલ્યે આરોપી ને આપવામાં આવેલ અને આરોપી નુ આંક–૦૪ થી તહોમતનામુ ફરમાવતાં આરોપી એ ગુનાનું ઈન્કાર કરતુ નિવેદન આંક–૦૫ થી લેતાં તેઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

**<u>પક્ષકારો તર્ફે રજુ પુરાવાઃ</u>–**

(૩.૦).. ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ–૨૬૫ અન્વયે નીચે મુજબના પુરાવા રજુ કરેલા છે.

**<u>(અ) મૌખિક પુરાવાઃ</u>–**

**// મૌખિક પુરાવો //**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ મયુરભાઇ નાનુભાઇ વાઘેલાની સોગંદ ઉપરની જુબાની | ૦૬ |
| ૨ | પંચ સાહેદ કેયુરભાઇ બટુકભાઇ સુચક ની સોગંદ ઉપરની જુબાની | ૦૮ |
| ૩ | ત.ક.અ. બનેસીંહ વજુભાઇ મોરી ની સોગંદ ઉપરની જુબાની | ૧૦ |

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૪ | ફરીયાદી ગોવિંદસીંહ મહીપતસીંહ વાળા ની સોગંદ ઉપરની જુબાની | ૧૭ |

**(બ) દસ્તાવેજી પુરાવાઃ-**

**// દસ્તાવેજી પુરાવો //**

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | મુદામાલ કબજે કર્યાનું પંચનામું | ૦૭ |
| ૨ | એફ.એસ.એલ. યાદી | ૧૧ |
| ૩ | એફ.આઇ.આર. | ૧૨ |
| ૪ | ફરિયાદ | ૧૮ |

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ-૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદનઃ-**

(૪.૦).. ફરિયાદપક્ષે ઉપરોકત પુરાવા રજુ કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રીએ તેઓનો પુરાવો પૂર્ણ કર્યાની મૌખિક જાહેરાત કરતાં આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ -૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. સદર કામે આરોપીનું વિશેષ નિવેદન નોંધવાનું થયેલ ત્યારે સ્ટેટ ઓફ પંજાબ વિ. હરિસિંહ અને બીજા એ.આઇ.આર. ૨૦૦૯, સુપ્રિમ કોર્ટ ૧૯૬૬ માં સ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લેતાં આરોપીનું વિશેષ નિવેદન કોર્ટ રૂબરૂ નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ તેમની સામેના આક્ષેપોનો ઈન્કાર કરેલ છે અને તેઓ સામે હાલનો ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે, જયારે સોંગદ ઉપર જુબાની આપવા તથા બચાવના સાહેદો તપાસવા પણ ઈન્કાર કરેલ છે. આમ, બચાવપક્ષે તેઓના બચાવમાં કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ-૩૫૨ મુજબ પક્ષકારો તર્ફે દલીલોઃ-**

(૫.૦).. આ કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.એ મૌખિક દલીલો કરતાં જણાવેલ છે કે, આ કામના આરોપી પાસેથી વગર પાસ પરમીટે દેશી દારૂ પોતાના કબજામાં રાખેલ હોય સમાજમાં ઉદાહરણ રૂપ દાખલો બેસે તેવી મહત્તમ સજા કરવા દલીલો કરેલ છે. જયારે આ કામે બચાવપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ જણાવેલ છે કે, આ કામે મુદ્ધામાલ જપ્ત કર્યા અંગેનું પંચનામુ કરેલ તે પંચસાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલ

નથી. જે સંજોગોમાં આરોપી સામે નિઃશંકપણે કેસ સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોઇ, આરોપીને નિર્દોષ જાહેર કરવા મૌખિક દલીલો કરેલ છે.

**<u>ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ-૩૯૩(૧)(બી) મુજબ પોઇન્ટ ફોર ડીટરમીનેશનઃ-</u>**

(૬.૦).. આ કામે પક્ષકારો તર્ફે ઉપરોકત રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રીની રજુઆત તથા આરોપીના વિ.વ.શ્રીની દલીલો લક્ષમાં લેતાં, આ કેસના આખરી નિર્ણય માટે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ-૩૯૩(૧) (બી) મુજબ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**--// <u>મુ દ્દા</u> //--**

(૧) શું ફરિયાદપક્ષ વાજબી શંકાથી પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૩૦/૦૪/૨૦૨૫ ના રોજ પોતાના કબજા ભોગવટામાં ગેરકાયદેસર દેશી પીવાનો દારૂ લીટર-૫ કી.રૂા.૧૦૦૦/- સાથે મળી આવી પકડાઇ, ધી પ્રોહી કલમ-૬૫એએ મુજબનો ગુનો કર્યો છે?

(૨) શું હુકમ ?

(૭.૦).. ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના અત્રેની અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૮.૦).. ઉપરોક્ત મુદ્દાઓ અંગે મારા ન્યાયિક નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.

-// **કા ર ણો** //-

**<u>મુદ્દા નંબર-૧</u> :-**

(૯.૦).. આ કામે રેકર્ડ પર આવેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતા ફરિયાદપક્ષે ત.ક.અ. બનેસીંહ વજુભાઇ મોરી ને આંક-૧૦ થી તપાસવામાં આવેલ છે અને આંક-૧૧ થી એફ.આઇ.આર., આંક-૧૨ થી એફ.એસ.એલ. યાદી રજુ કરેલ છે. તથા આંક-૧૭ થી ફરીયાદી ગોવિંદસીંહ મહીપતસીંહ વાળા ને તપાસવામાં આવેલ છે તેઓએ આંક-૧૮ થી અસલ ફરીયાદ

રજુ કરેલ છે. તેઓ પોલીસ સાહેદ છે અને તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસને અનુરૂપ પુરાવો આપેલ છે. આ સાહેદની ઉલટતપાસ જોવામાં આવે તો તેમાં તેઓ એ વાતનો સ્વિકાર કરે છે કે. બનાવવાની જગ્યા એ જાહેર જગ્યા છે અને આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી.

(૧૦.૦).. વધુમાં ફરિયાદપક્ષે આંક-૦૬, ૦૮ થી પંચસાહેદને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને તેઓ તેમની સરતપાસમાં પોલીસે તૈયાર કરેલ પંચનામામાં સહિ લીધેલ અને તેઓ આંક-૦૭ ના પંચનામા વિષે કંઇ જાણતા નથી તેવો પુરાવો આપેલ છે. પંચસાહેદ તેઓની જુબાનીમાં પંચનામાને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, ફરિયાદપક્ષે તેઓને ફરી ગયેલા જાહેર કરી ફરિયાદપક્ષે તેઓની ઉલટતપાસ થયેલ, જેમાં પણ ફરિયાદપક્ષને મદદરૂપ પુરાવો લાવી શકેલ ન હોઇ, પંચસાહેદની જુબાનીથી ફરિયાદપક્ષે મદદરૂપ પુરાવો આવતો નથી.

(૧૧.૦) આમ, ઉપરોકત તમામ પુરાવાઓ ધ્યાને લેતાં, આ કામે અન્ય સ્વતંત્ર સાહેદો અભાવે માત્ર પંચ સાહેદ તથા ફરીયાદી, પોલીસ સાહેદનો પુરાવો ગૌણ બની જાય છે. જેમાં હાલના કેસમાં પંચસાહેદ કે જેઓ ફરિયાદપક્ષના કેસની હકીકતને તેમજ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોઇ, તે હાલના કેસને મદદરૂપ નથી. તદ્ઉપરાંત તપાસ કરનાર અમલદારશ્રી પોલીસ સ્ટાફના માણસો જ હોઇ તેઓની જુબાની પરથી સદર હકીકત માની શકાય નહી. આમ, તમામ પુરાવાઓ ધ્યાને લેતાં ખરેખર પંચનામાની હકીકત મુજબ મુદ્દામાલ આરોપીના કબજામાંથી કબજે થયેલ હતો કે નહી તે માત્ર તપાસ કરનાર અમલદારએ જણાવેલ જુબાની ઉપરથી પુરવાર થતું ન હોય તે હકીકત શંકાસ્પદ બને છે. આ કામે ઉપરોકત હકીકત ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી સામે તેમનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી આરોપીએ સદર ગુનો કરેલ હોવાનું પુરવાર થતું ન હોઇ, મુદ્દા નં.૧ નો જવાબ "નકારમાં" ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>આખરી હુકમ</u>

૧. આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ- ૨૭૧(૧) હેઠળ પ્રોહી.એકટની કલમ- ૬૫એએ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ પાવતીમાં જણાવેલ પ્રોહી મુદ્દામાલનો અપીલ સમય વિત્યાબાદ નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં પ્રોહી મુદ્દામાલ સીવાય જો અન્ય કોઈ કિંમતી મુદામાલ અંગે અગાઉ જો કોઈ વચ્ચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે અં ગેનો હુકમ કાયમ કરવામાં આવે છે, અન્યથા જો તેઓ કોઈ વચ્ચગાળાનો હુકમ થયેલ ન હોય તો ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ-૪૯૮ અન્વયે જરૂરી ઈન્કવાયરી કરી પોલીસ સ્ટેશનનાં ઈન્ચાર્જ અધિકારીએ માંગણી કરનાર અરજદારની માલીકીની ખરાઈ કરી સદરહુ મુદામાલ પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં જો અપિલ સમય પુર્ણ થતા સુધી આ કામે રીકવર કરાયેલ કોઈ કિંમતી મુદામાલની માંગણી કોઈ વ્યકિત દવારા કરવામાં ન આવે તો કબ્જે કરાયેલ મુદામાલને સરકારશ્રી ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ-૪૮૧ મુજબ અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/- ના જામીન રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહું આદેશ આજ રોજ તારીખ ૦૮ મી, માહે ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલત મધ્યે જાહેર કર્યો.

તારીખ – ૦૮/૦૮/૨૦૨૬
સ્થળ – ગીરગઢડા

**(હાર્દિક એમ.વેષ્ણવ)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
ગીરગઢડા
જજ કોડ નં.જીજે૦૧૫૩૦